PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


| પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૮૧૭-૩ | તારીખ : ૦૨ - ૦૯ - ૨૦૨૩ |
|---|---|

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી શેખ આફતાબ સાકીરહુસેન
ગુલાબનગર, રાજાવડલા રોડ,
મુ. પા. : વાકાનેર, તા. : વાકાનેર, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૩૬૨૧
મોબાઈલ : ૯૭૧૨૬૯૫૦૩૯

વિષય : વીજબીલ વધારે આવવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૨/૨૩-૨૪/ 2817-3 તા. 02-09-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૦/ક્વા-૨/૨૩-૨૪ તા.૦૩-૦૮-૨૦૨૩

અરજદાર : શ્રી આફતાબ સાકીરહુસેન શેખ, ગામ: વાંકાનેર

:: વિરુધ્ધં ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – વાંકાનેર

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ : ૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર)

૧.૦ **સદર કેસની સુનાવણી** તા.૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. સદર ફરિયાદનું નિરાકરણ સામેવાળા દ્વારા સંતોષકારક નિકાલ થતા તા.૨૨.૦૮.૨૦૨૩ ના રોજ અરજદારની લેખિત સમંતિ હેઠળ સમાધાન થયેલ છે, જેથી બન્ને પક્ષકારો હાજર રહેલ નથી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી શેખ આફતાબ સાકીર હુસેન વાંકાનેર શહેર પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૧૬૦૧/૧૫૫૯૦/૫ થી ૧૦ કિ.વો.નુ ગુલાબનગર, રાજાવડલા રોડ ખાતે ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદારશ્રીના માહે મે-જુન ૨૦૨૩ ના બીલની રકમ રૂ.૮૪૫૬=૦૦ આવેલ છે. પીજીવીસીએલ દ્વારા અપાયેલ બીલમાં ફક્ત ફિક્સ ચાર્જ રૂ.૩૦/- વપરાશી યુનિટ ૯૭૮ સિવાય કોઈ વિગત દર્શાવેલ નથી. આમ પીજીવીસીએલ દ્વારા અપાયેલ વીજબીલ અસામાન્ય હોય જે સામાન્ય નાગરિક માટે રકમ ખુબજ વધારે હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ પીજીવીસીએલની સંલગ્ન પેટાવિભાગીય કચેરી શહેર વાંકાનેરના પત્ર નં-૫૦૮૩ તા.૦૭.૦૮.૨૦૨૩ થી ફરિયાદી અરજદાર ગ્રાહક શેખ આફતાબ સાકરી હુશેનને જાણ કરેલ છે તે મુજબ સદર વીજજોડાણની સ્થળ તપાસ કરતા વીજમીટરમાં

વપરાશ બરાબર નોંધાયેલ માલુમ પડેલ છે, તેમજ અરજદારના કનેક્ટેડ લોડ ૩.૯૭૫ કીવો મુજબ વીજવપરાશ બરાબર હોય તેમજ મીટરમાં કોઈ ખામી જણાયેલ નથી. અરજદાર સદર બાબતથી સંતુષ્ટ થતા અરજદારને કોઈ ફરિયાદ રહેતી ન હોવા અંગેની લેખિત સમંતિ હેઠળ સમાધાનપત્રમાં તા.૦૮-૦૮-૨૦૨૩ ના રોજ સહી કરી આપેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની વિગતેની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ મુજબની કાર્યવાહી કરતા અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારની સદર અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |